# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા કાળીચૌદશે અંધશ્રદ્ધા નિર્મૂલનનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

નિસર્ગ કોમ્યુનીટી સાયંસ સેન્ટર દ્વારા વિજાપુરના ખરોડ ગામે કાલીચૌદસની રાત્રીએ સ્મશાનમાં વહેમ અને અંધ્ધશ્રધા નિર્મુલન કાર્યક્રમ યોજાશે.

ગુજરાત કાઉન્સીલ ઓન સાયંસ એન્ડ ટેક્નોલોજી અને નિસર્ગ કોમ્યુનીટી સાયંસ સેન્ટર તથા વિજ્ઞાન જાથાના ઉપક્રમે વિજાપુર તાલુકાના ખરોડ ગામે કાલીચૌદસની રાત્રીએ સ્મશાનમાં વહેમ અને અંધ્ધશ્રધા અંગે લોક જાગૃતિ કાર્યક્રમ રાખવામાં આવેલ છે. કાલીચૌદસ એટલે કાળો દિવસ, કોઈ શુભ કામ ન થાય, આ દિવસે પ્રેતાત્માઓ વિહરવા નીકળે,તાંત્રિકો સાધના કરીને શકિત મેળવતા હોય છે, અધોરીઓ મેલી વિદ્યા મેળવતા હોય છે. આવી માન્યતાઓ લોકોમાં પ્રવર્તતી હોય છે. કાળી ચૌદસના દિવસે જુના માટલા, વડા કે ભજીયા જેને કકળાટ કહેવામાં આવેછે તેને ચાર રસ્તા પર લોકો મૂકી આવતા હોય છે. પાણીના કુંડાળામાં પગ ન મુકવો, કકળાટ મુકીને પાછું ન જોવું જેવી માન્યતાઓ અંગે લોક જાગૃતિનો કાર્યક્રમ ખરોડ ગામના સ્મશાનમાં યોજાશે. જેમાં આશરે ૧૦૦૦ જેટલા લોકો ઉપસ્થિત રહેશે. નિસર્ગ કોમ્યુનીટી સાયંસ સેન્ટરના ડૉ. અનિલ પટેલ ગ્રામજનોને કહેવાતા ચમત્કારોનું નિદર્શન કરશે તથા ખોટી માન્યતાઓ વિષે સમાજ આપશે. આ પ્રસંગે મહેસાણાના સંસદ શ્રીમતી શારદાબેન પટેલ, વિજાપુરના ધારાસભ્ય શ્રી રમણભાઈ પટેલ,વિસનગરના ધારાસભ્ય શ્રી ઋષિકેશ પટેલ, મહેસાણા જીલ્લ્લા ભાજપ ના શ્રી નીતિન પટેલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

જેમાં અંતિમધામમાં જ કાર્યક્રમ પછી બધાને ચા-નાસ્તો આપવામાં આવશે. કાલીચૌદસના દિવસે ડર કે ભયનો માહોલ ન બનાવવાના બદલે આનંદનો દિવસ બનાવીએ તેવા આશય સાથે ખોટી માન્યતાઓ માંથી લોકોને બહાર લાવી વિજ્ઞાનિક અભિગમ ધરાવતો સમાજ બનાવવા માટેનો આ અનોખો કાર્યક્રમ યોજાશે.

ખરોડ ગામના અશ્વિન એ, પટેલ, ભરતભાઈ પટેલ અને ધીરજભાઈ ચૌહાણે આ કાર્યક્રમનું આયોજન કરેલ છે.




આંતરરાષ્ટ્રીય સ્તન કેન્સર જાગૃતિ અભિયાન તરીકે ઓક્ટોબર મહિનો ઉજવવામાં આવે છે તે નિમિત્તે આશિર્વાદ ફાઉન્ડેશન દ્વારા સ્તન જાગૃતિ અભિયાન શિબિર એક્યુમેક્સ લેબ પ્રાઈવેટ લિમિટેડ દંતાલી ગામ ખાતે યોજવામાં આવી હતી, જેમાં ૪૫ બહેનોએ ભાગ લીધો હતો.

### રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવકોને

# થાઈલેન્ડના ટ્રેનર દ્વારા આપત્તિ વ્યવસ્થાપનની તાલીમ



ગાંધીનગર, તા. ૨૫

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિધાપીઠ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ અને મહાદેવ દેસાઈ ગ્રામ સેવા મહાવિદ્યાલય, સાદરાના સંયુક્ત ઉપક્રમે દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયમ સેવકોને થાઈલેન્ડના ટ્રેનર દ્વારા આપત્તિ વ્યવસ્થાપનની તાલીમ અપાવવાની કામગીરી કરવામાં આવી જેના ઉદ્ઘાટન પ્રસંગે થાઈલેન્ડ દેશના ફાયર સેફટી તથા આપત્તિ વ્યવસ્થાપન વિભાગના પૂર્વ નિયામક તથા આ કાર્યક્રમના સલાહકાર છતચય થાઈકલા મુખ્ય મેહમાન તરીકે હાજર રહ્યા હતા કાર્યક્રમની શુભ શુરુવાત પ્રાર્થના અને ગાંધીજીના અગ્યાર વ્રત્તો દ્વારા કરવામાં આવી હતી. મહેમાન તરીકે હિતેશભાઈ પટેલ, ગર્મેશભાઈ ચૌહાણ, ડો. કનુભાઈ વસાવા અને ડો. વિક્રમસિંહ અમરાવત હાજર રહ્યા હતા. છતચય થાઈકલા દ્વારા તેમના કરેલા વિવિધ રાહત કાર્યોને લગતા એક પ્રેઝન્ટેશન સ્વયંસેવકોને બતાવવામાં આવ્યું હતું. હિતેશભાઈ પટેલ દ્વારા લગભગ ૮ દેશોમાં આપેલી ડીઝાસ્ટર તાલીમ વિષે પણ સ્વયંસેવકોને માહિતી આપવામાં આવી હતી. બીજા સેશનમાં છતચય થાઈકલા દ્વારા સ્વયંસેવકોને ડીઝાસ્ટરની સરસ તાલીમ આપવામાં આવી હતી અને સાથે સાથે તેમના વિશાલ ડીઝાસ્ટરને લગતા રાહત કાર્યો પણ સ્વયંસેવકો સાથે શેર કરવામાં આવ્યાં હતાં. આખા કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ અને મહાદેવ દેસાઈ ગ્રામ સેવા મહાવિદ્યાલયના પ્રોગ્રામ ઓફિસર ડો. કનુભાઈ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું. મુખ્ય સહાયક તરીકેની ભૂમિકા ડો. વિક્રમસિંહ અમરાવતની રહી હતી.

## જન્મદિને વધામણી



ક્રિશ
યોગેશકુમાર આનંદ
મો. ૯૮૯૮૧ ૧૩૧૩૧



ભરતભાઈ સોલંકી
મો. ૯૯૨૪૩ ૮૨૯૨૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

યોગ, સંરક્ષણ, સ્વચ્છતા, સ્વાસ્થ્ય અને વ્યક્તિત્વ આ સર્વ માનવવિકાસના પાયાના એકમો ગણાય છે. ભારતીય પ્રાચીન ધ્યાન અને યોગવિદ્યા જગતમાં હવે સર્વત્ર માન્યતા પ્રાપ્ત કરી પ્રચલિત બની છે. શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓનાં મનની સ્થિરતા, તનની તંદુરસ્તી જળવાઈ રહે અને શિક્ષકો વર્ગને સ્વર્ગ બનાવી, વિદ્યાર્થીઓનાં મનની સ્થિતિ સમજી વિદ્યાભ્યાસ કરાવી શકે તેમજ પંચમહાભૂત તત્ત્વોના બનેલા શરીરને સારી રીતે જાણી



સ્વાસ્થ્યપ્રદ જીવન જીવી શકે તે માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં બુધવારે ધ્યાન યોગનું આયોજન કરવામાં આવ્યું હતું.

વી-કેર ફાઉન્ડેશનના ચૅરમૅન અને યોગનિષ્ણાત જે સી પટેલે કાર્યક્રમ અંતર્ગત ધ્યાન અને યોગનો અભ્યાસ શાળાના તમામ શિક્ષકોને કરાવ્યો હતો. આચાર્ય નીવાબેન પટેલે આ ઉપયોગી ઉપક્રમ બદલ જે સી પટેલ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

# રાજ્યની ૧૦૦ કરતાં વધુ શાળાઓ બૉર્ડના રડારમાં

ગાંધીનગર, તા. ૨૫

રાજ્યમાં આવેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આગામી સમયમાં તપાસનો ધમધમાટ જોવા મળશે. મંજૂરી વગર વર્ગ ચલાવવામાં આવતા હોવાની ફરિયાદોના આધારે તપાસના આદેશ આપવામાં આવ્યા છે. જેમાં જે શાળાઓ દ્વારા ૪૦૦ કરતા વધુ વિદ્યાર્થીના ફોર્મ ભર્યા હશે તેવી શાળાઓમાં ખાસ તપાસ હાથ ધરવામાં આવશે. હાલમાં રાજ્યની ૧૦૦ કરતા વધુ શાળાઓ બોર્ડના રડારમાં છે અને તેમાં ખાસ તપાસ હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. પાછલા વર્ષોમાં પણ ઘણી શાળાઓ એવી હતી કે જેમાંથી ૪૦૦ કરતા વધુ વિદ્યાર્થીએ બોર્ડની પરીક્ષા આપી હતી. જોકે, હવે બોર્ડ આ મામલે ગંભીર બન્યું છે અને આવી શાળાઓમાં તપાસના આદેશ આપ્યા છે. જેથી શાળાઓ દ્વારા મંજૂરી વગર ચલાવાતા વર્ગો પરથી પડદો ઉંચકી શકાય.

શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીના ફોર્મ પર આ વખતે ખાસ નજર રાખવામાં આવશે. અગાઉના વર્ષોમાં ઘણી શાળાઓ એવી હતી કે જેમાંથી ૪૦૦ કરતા વધુ વિદ્યાર્થીએ બોર્ડની પરીક્ષા માટે ફોર્મ ભર્યા હતા. આમ, જે શાળાઓમાં પાંચ વર્ગની મંજૂરી હોય તેમાં પણ મહત્તમ ૩૦૦ જેટલા જ વિદ્યાર્થી હોઈ શકે તેમ છતાં ઘણી શાળાઓમાંથી ૪૦૦ કરતા પણ વધુ વિદ્યાર્થીના ફોર્મ ભરાયા હોઈ આ બાબત શંકાસ્પદ જણાતા આવી શાળાઓ સામે તપાસ કરવા માટે બોર્ડ દ્વારા ડીઈઓને આદેશ આપવામાં આવ્યો છે. આવી શાળાઓ વર્ગોની મંજૂરી ન હોવા છતાં વધુ વિદ્યાર્થીના ફોર્મ ભરી 'કમાણી' કરતી હોવાનું ધ્યાને આવતા આ મુદ્દે ગંભીરતાથી તપાસ શરૂ કરવામાં આવશે.

હાલમાં બોર્ડની પરીક્ષા માટે ધો.૧૦ના ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. જ્યારે આગામી દિવસોમાં ધો.૧૨ સામાન્ય પ્રવાહ અને ધો.૧૨ સાયન્સની પરીક્ષા માટેના પણ ફોર્મ ભરાવવાની કાર્યવાહી શરૂ થશે. આ તમામ ફોર્મ ભરાવવાની કામગીરી પૂર્ણ થયા બાદ કઈ સ્કૂલમાંથી કેટલા વિદ્યાર્થીના ફોર્મ ભરાયા છે તેની વિગતો અલગ તારવવામાં આવશે. ત્યાર બાદ જે શાળાઓમાં ૪૦૦ કે તેના કરતા વધુ વિદ્યાર્થીના ફોર્મ ભરાયા હશે તેવી શાળાઓમાં તપાસ કરવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

### જીટીયુ દ્વારા પરીક્ષાનો નવો કાર્યક્રમ જાહેર કરાયો

# હવે ૧૪મી નવેમ્બરથી પરીક્ષાનો આરંભ થશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા દિવાળીના વેકેશન દરમિયાન પરીક્ષાઓ જાહેર કરાતા ભારે વિવાદ થયો હતો. જેથી યુનિવર્સિટીએ તા.૭મીથી શરૂ થતી પરીક્ષાઓ પાછળ લઈ જવાની જાહેરાત કરવી પડી. યુનિવર્સિટીએ પરીક્ષાનો નવો કાર્યક્રમ જાહેર કર્યો તે હાલ વેબસાઈટ પર મૂકી દેવાયો છે. જેમાં ડિપ્લોમાની પરીક્ષા હવે તા.૧૪મી નવેમ્બરથી લેવાનું નક્કી કરાયું છે. જીટીયુએ જાહેર કરેલા પરીક્ષાના નવા કાર્યક્રમ પ્રમાણે હવે બી.એ (બેચરલ ઓફ આર્કિટેક) સેમેસ્ટર ૧ની પરીક્ષા ૩૧મી ડિસેમ્બરથી લઈને તા.૮મી જાન્યુઆરી સુધી લેવામાં આવશે. આ જ રીતે સેમેસ્ટર-૨ની પરીક્ષા તા.૩૧મી ડિસેમ્બરથી તા.૮મી જાન્યુઆરી દરમિયાન લેવાશે. સેમેસ્ટર ૩ની પરીક્ષા તા.૧૪મી નવેમ્બરથી લઈને તા.૨૫મી નવેમ્બર દરમિયાન લેવાશે. જ્યારે સેમેસ્ટર-૪ની પરીક્ષા તા.૨૨મીથી ૩૦મી નવેમ્બર વચ્ચે લેવાનું નક્કી કરાયું છે. બી.ઈ. સેમેસ્ટર ૫ની પરીક્ષા તા.૧૫મીથી ૨૦મી નવેમ્બર વચ્ચે લેવાશે. બી.એ.સેમેસ્ટર ૬ની પરીક્ષા તા.૨૨મીથી ૩૦મી નવેમ્બરમાં લેવાશે. આ જ રીતે ડિપ્લોમા ઈજનેરીની પરીક્ષા તા.૧૪મીથી લઈને તા.૨૫મી સુધીમાં યોજાશે.

અગાઉ આ પરીક્ષા તા.૭મીથી લેવાનું નક્કી કરાયું હતું. બી.ઈ. સેમેસ્ટર ૩ની પરીક્ષા તા.૨૨મીથી તા.૧૦મી ડિસેમ્બર, બી.ઈ. સેમેસ્ટર ૪ની પરીક્ષા તા.૭મી ડિસેમ્બરથી ૧૯મી ડિસેમ્બર અને સેમેસ્ટર ૫ની પરીક્ષા તા.૨૧મી નવેમ્બરથી ૧૧મી ડિસેમ્બર વચ્ચે લેવાશે. જ્યારે બી.ઈ. સેમેસ્ટર ૬ની પરીક્ષા તા.૪ ડિસેમ્બરથી તા.૧૯મી ડિસેમ્બર વચ્ચે લેવાનું નક્કી કરાયું છે. ડિપ્લોમાની પરીક્ષામાં સાત દિવસ પાછી ખેંચવામાં આવી છે. જ્યારે કેટલીક પ્રેક્ટિકલની પરીક્ષા એક માસ જેટલી પાછળ લઈ જવામાં આવી છે.

# વિદ્યાસહાયકો, અધ્યાપકસહાયકોની ખાલી જગ્યાઓ ટૂંક સમયમાં ભરાશે

ગાંધીનગર, તા. ૨૫

રાજયમાં પ્રાથમિક શિક્ષણના વિદ્યા સહાયકો, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના શિક્ષણ સહાયકો તથા ઉચ્ચ શિક્ષણના શિક્ષણના અધ્યાપક સહાયકો સહિત વિવિધ સંવર્ગની ખાલી રહેલી જગ્યાઓ સત્વરે ભરવાનો શિક્ષણ વિભાગે મહત્વનો નિર્ણય લીધો છે. આ નિર્ણય અંતર્ગત દિવાળી પછી તૂર્ત જ આ જગ્યાઓની ભરતીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા શિક્ષણ રાજ્યમંત્રી વિભાવરીબેન દવેએ જણાવ્યું હતું.

આગામી દિવસોમાં જે જગ્યાઓની ભરતી થનાર છે તેમાં ૩૦૦૦ જેટલા પ્રાથમિક શિક્ષણમાં વિદ્યા સહાયકો, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના ૭૫૧૮ શિક્ષણ સહાયકો તથા ઉચ્ચ શિક્ષણ સાથે સંકળાયેલી વિવિધ સંવર્ગની કુલ ૧૮૨૬ ખાલી જગ્યાઓની ભરતીનો સમાવેશ થાય છે. આમ, આગામી દિવસોમાં કુલ ૧૨,૩૪૪ વિદ્યા સહાયકો, શિક્ષણ સહાયકો તથા અધ્યાપક સહાયકોની ભરતી થતાં શિક્ષણ કાર્યને વધુ વેગ મળશે.

# 'પ્રેમ અનકન્ડિશનલ' અર્બન રોમેન્ટિક ગુજરાતી ફિલ્મનું મુહૂર્ત યોજાયું



ગાંધીનગર, તા. ૨૫

ડિરેક્ટર યશ વૈદ્યની ફિલ્મ 'પ્રેમ અનકન્ડિશનલ'નું મુહુર્ત શુક્રવારે યોજાયું હતું. ગોટીઝ ગૃપના રમેશભાઈ પટેલ દ્વારા પ્રોડ્યુસ કરેલી ''પ્રેમ unconditional" a selfless stroy ટાઈટલના મુહુર્ત અને ફિલ્મને ગુજરાત રાજ્યના ઉપ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે શુભેચ્છા પાઠવી હતી. આ ફિલ્મમાં ગુજરાતી સાથે બોલિવૂડના ગાયકો પણ જોડાશે. આ ફિલ્મના કલાકારોમાં ધર્મેશ વ્યાસ, મેહુલ બૂચ, જીનલ બેલાની, અલિસા પ્રજાપતિ, હરેશ ડાગીયા, જૈની શાહ, કિરણ જોશી, જીગ્નેશ દીક્ષિત અને જાગૃતિ ઠાકોરનો સમાવેશ થાય છે. આ ફિલ્મ રોમેન્ટિક અર્બન ગુજરાતી મુવી તો છે જ તેની સાથે સાથે સમાજને એક મેસેજ પણ આપશે. આ ફિલ્મમાં જેવા કે નળ સરોવર, સ્ટેચ્યુ ઓફ યુનિટી અને ગીરના જંગલો સહિત રમણીય લોકેશન પર શૂટિંગ કરવામાં આવશે.

# શું ધોરણ ૧૦ પછી શિક્ષક બની શકાય ? માહિતી આપશો




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧. હું ધોરણ ૧૧ માં અભ્યાસ કરું છું.ફાઇન આર્ટ ડિપ્લોમા- મલ્ટીમીડિયાના અભ્યાસક્રમો વિષે માહિતી આપશો.**

-અશોક પ્રજાપતિ, ગાંધીનગર



ઈન્ફર્મેશન ટેકનોલોજીના આ યુગમાં મલ્ટીમીડિયાનો ખૂબ સારો વિકાસ છે. વેબ ડિઝાઈનિંગ, એનિમેશન, વિઝયુલાઈઝર, ક્રિએટિવ આર્ટિસ્ટ, ગ્રાફિક આર્ટિસ્ટ, વેબ પ્રોગ્રામર વગેરેનાં ક્ષેરો ઝડપથી આગળ આવી રહ્યાં છે એનિમેશન, ડિઝાઈન, પ્રોગ્રામિંગ, ગ્રાફિક, વિઝયુલાઈઝિંગ (જીવંત ઊભું કરવાની કળા) જેવા મલ્ટી મીડિયાના ક્ષેત્રમાં જવા માટે ફાઇન આર્ટના કોર્સ ઉપયોગી બને છે. ધોરણ ૧૦ પછી ડિપ્લોમા ફાઈન આર્ટના કોર્સ ચાલે છે. જો આગળ ધોરણ ૧૧ અને ૧૨ નો અભ્યાસ કરો તો ત્યારબાદ બેચલર ઓફ ફાઈન આર્ટનો કોર્સ વડોદરા, વલ્લભવિદ્યાનગર અને મુંબઈમાં ચાલે છે. કેન્દ્રીય ધોરણે ગુણાનુક્રમે(મેરીટ ઉપર) પ્રવેશ અપાય છે. પાંચ વર્ષના ડિપ્લોમા ધોરણ ૧૦ના આધારે અને (એ.ટી.ડી). આર્ટ ટીચર ડિપ્લોમા ૨ વર્ષ માટે ધોરણ ૧૨ ના આધારે, એચ. એસ. સી. અથવા એસ. એસ. સી. સાથે ડ્રોઈંગ ગ્રેડ પરીક્ષા પસાર કરેલ હોવી જોઈએ. આ જગ્યાઓ વિષે અખબારો દ્વારા પ્રવેશ માટે જાહેર ખબર અપાય છે. હવે આપ સ્નાતક થયા બાદ આપે એના માટે થોડું માર્કેટિંગ પણ કરવું જરૂરી છે. ટેલિવિઝન, છાપાં, મૅગેઝિન વગેરે મીડિયામાં પુષ્કળ જાહેરાતો આવે છે. જાહેરાત આપ્?યા વગર આ સ્પર્ધાના યુગમાં આગળ વધવું ખૂબ જ મુશ્કેલ છે. તમારી પાસે ૧૦૦ ટચનું સોનું હોય પણ જ્યાં સુધી લોકોને એ વાતની જાણ ન હોય ત્યાં સુધી એની કિંમત શું ? લોકો સુધી તમારી વાત પહોંચાડવી હોય તો એક માત્ર ઉપાય છે જાહેરાતો અને આજના આ યુગમાં જાહેરાતને વધુ ને વધુ સુંદર બનાવવા એનિમેશનનો ખૂબ ઉપયોગ થાય છે.પાંચ વર્ષ ના ડિપ્લોમા કોર્સની વાત કરીએ તો ધો.૧૦ પછી ૧) ડ્રોઈંગ એન્ડ પેઈન્ટિંગ (૨) એપ્લાઈડ / કૉમર્શીયલ આર્ટ (૩) સ્કલ્પચર એન્ડ મોડલિંગ જેવા અભ્યાસ કરી ઉત્તીર્ણ થઈ શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. શું ધોરણ ૧૦ પછી શિક્ષક બની શકાય ? માહિતી આપશો.**

**- આશા, ઉવારસદ**



જી બિલકુલ,અમુક વાચક મિત્રો ને કદાચ અચરજ થઈ શકે કે શું ખરેખર ૧૦ પાસ ઉપર શિક્ષક બની શકાય! તો એનો જવાબ છે હા. આપ ધોરણ ૧૦ પાસ છો કોઈ કારણસર આપ આગળ અભ્યાસ કરી શકો તેમ નથી છતાં આપને શિક્ષક બનવું છે. તો ધોરણ ૧૦ પછી ગુજરાતમાં એક વર્ષનો પ્રિ. પી.ટી.સી.ના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકો છો. પ્રિ. પી.ટી.સી. કરી આપ બાલ મંદિરમાં નોકરી મેળવી શકો અથવા આપ આપનું પોતાનું બાલમંદિર ચાલુ કરી રોજગાર મેળવી શકો. પ્રવેશ માટે શૈક્ષણિક લાયકાતની વાત કરીએ તો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધો. ૧૦ (એસ.એસ.સી.) પરીક્ષા ઉત્તીર્ણ કરેલી હોવી જોઈએ. પ્રવેશ એસ.એસ.સી. (ધો. -૧૦)ના ગુણાનુક્રમે મળવાપાત્ર રહેશે. પ્રવેશ ઉમરની વાત કરીએ તો એ ૨૨ વર્ષ છે. જેમાં અનામત ઉમેદવાર માટે છૂટછાટ આપવામાં આવે છે. આ અભ્યાસક્રમ ગુજરાતમાં ગાંધીનગર, ખેડા, વડોદરા, રાજકોટ અને અન્ય શહેરમાં આપ જે તે કોલેજમાં કરી શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. મેં આ વર્ષે જ ધોરણ ૧૦ પાસ કર્યું છે. ઘરની આર્થિક પરિસ્થિતિના કારણે આગળ ભણી શકાય તેમ નથી. મારે આર્મીમાં જોઇન્ટ થવું છે અથવા તો ડિફેન્સમાં જોઇન્ટ થવું છે તો મારે શું કરવું ?**

**- રમેશ પરમાર, ગાંધીનગર**



હું પ્રથમ તમને જણાવવા માંગીશ કે તમે જે ધોરણ ૧૦ પાસની વાત કરી રહ્યા છો જે હાલ અયોગ્ય છે અમારી સલાહ મુજબ તમારે ઓછામાં ઓછા ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ કરવો જરૂરી છે. જેથી આગળ જતાં તમે સારી ગવર્મેન્ટ જોબ અથવા તો ડિફેન્સ ક્ષેત્રમાં જોબ મેળવી શકો છો. હવે તમે ડિફેન્સ ક્ષેત્રમાં જવા માંગો છો એટ્લે કે સંરક્ષણ ક્ષેત્રમાં જવા માંગો છો તો એના માટે એક એન. ડી .એ. નેશનલ ડિફેન્શ એકેડમી નામની પરીક્ષા લેવામાં આવે છે જેના માટે ધોરણ ૧૨ની લાયકાત જરૂરી છે અને ઉમરની વાત કરીએ તો ૧૬.૫ થી ૧૯.૫ વર્ષ સુધીની ઉંમર હોય છે જે તમે હાલ ઈલેજીબલ છો જેના માટે આપ યોગ્ય છો પણ તમે ફક્ત ધોરણ ૧૦ પાસ કરી ને આ એક્ઝામ નહીં આપી શકો. જો તમે ૧૦ આગળ અભ્યાસ કરી શકતા હોય તથા તમારી આર્થિક પરિસ્થિતી થોડી પણ સારી હોય કે તમે ૧૨ પાસ સુધીની લાયકાત મેળવી શકો તો અવશ્ય આ પરીક્ષા આપી શકો છો પણ એના માટે ઓછામાં ઓછું તમારે ૧૨ પાસ ક્લિયર કરવું જરૂરી છે બીજી વાત જો ૧૦ પાસ પછી તમારું આગળ ભણવું જો અશક્ય જ હોય તમે ભણી જ ના શકવાના હોય તો એક માર્ગ આ છે કે ધોરણ ૧૦ પછી આર્મીની અંદર અલગ અલગ એક્ઝામ લેવામાં આવતી હોય છે જેમ કે ધોરણ ૮ પાસ ઉપર હોય, ધોરણ ૯ પાસ પર હોય છે, ૧૦ પાસ ઉપર હોય છે જેને આપણે સોલ્જર તરીકે ઓળખતા હોઈએ છે. જેના માટે અલગ અલગ જિલ્લામાં અલગ અલગ સ્થળ ઉપર રેલીનું આયોજન થતું હોય છે જેમાં તમારે ભાગ લેવો પડે છે જેમાં તમારે દોડવા જવાનું હોય છે એના પછી છેલ્લે એક મેડિકલ એક્ઝામ હોય છે તમારી અને પછી લેખિત પરીક્ષા જેવું હોય છે જે તમે પાસ કરીને આર્મીમાં જોઈન્ટ થઈ શકો છો તથા નેવીમાં પણ ૧૦ પાસ ઉપર સેઈલર એટલેકે નાવીકની ભરતી બહાર પડતી હોય છે જે પણ તમે આપી શકો છો પણ આ બહુ સીમિત ક્ષેત્ર થઈ જશે જો તમારે વધારે ક્ષેત્ર માં આગળ વધવું હોય તો ઓછામાં ઓછું ૧૨ પાસ કરવું જરૂરી છે તો ફરી થી તમને આ સલાહ આપશું કે તમે ઓછામાં ઓછા ૧૨ પાસ સુધી લાયકાત મેળવી લો જો શક્ય હોય તો બાકી ૧૦ પાસ ઉપર ઉપર જણાવ્યા મુજબ તમે આર્મી ની અંદર આ પ્રકાર ની જોબ મેળવી શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ:questions.career corner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/ questions.careercroner